## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ના મને કોરોનાનાં વેવનો ડર નથી... લીલી તુવેર એમને ફોલવા આપું ત્યારે માસ્ક બાંધી જ દઉં છું...!!



સેક્ટર ૪ માં યોજાઈ રહેલ રામકથામાં ગઈકાલે મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા અને રામધુનમાં શ્રદ્ધાપૂર્વક નાચી ઉઠ્યા હતા.

# દહેગામના વાસણા રાઠોડના યુવકે ત્રીજી વખત કેનાલમાં ઝંપલાવ્યું

### અગાઉ પણ બે વખત કેનાલમાં ઝમ્પલાવ્યું હતું: પ્રત્યક્ષ દર્શીઓએ બચાવવાનો પ્રયાસ કર્યો પણ તે નિષ્ફળ રહ્યો

ગાંધીનગર શહેરમાં આત્મહત્યાના બનાવોમાં વધારો થઈ રહ્યો છે ત્યારે દહેગામ તાલુકાના એક ગામના યુવકે ઉગમ્ય કારણોસર બે વખત કેનાલમાં પડતું મૂક્યું હતું જો કે બંને વખતે તેનો જીવ બચી ગયો હતો હવે આ જીવે કે ત્રીજી વખત પણ પોતાના જીવનનો અંત લાવવા માટે કેનાલમાં જમ્પ લાવ્યું છે. પરિવારજનોએ શોધખોળ કરતા યુવકે રાયપુર કેનાલમાં છલાંગ લગાવી હોવાનું સામે આવ્યું છે યુવક કેનાલમાં પડ્યો હોવાની જાણ પોલીસને થયા બાદ પોલીસે યુવકને શોધખોળ માટે ગાંધીનગર ફાયર બ્રિગેડ અને બહિયલના તરવૈયાઓને જાણ કરી હતી. દહેગામ તાલુકાના વાસણા રાઠોડ ગામ ખાતે રહેતો રાહુલ ગણપતિ રાઠોડ આશરે ઉંમર ૨૫ પોતાનો બાઈક લઈને ઘરેથી નીકળ્યા બાદ દહેગામ નરોડા હાઈવે પર રાયપુર ગામ નજીક પસાર થતી કેનાલના બ્રિજ પર પોતાનું બાઈક પાર્ક કરી કેનાલમાં જંપલાવ્યું હતું રાહુલ કેનાલમાં પડતા ની સાથે જ હાજર બે વ્યક્તિઓએ તેને બચાવવા માટે પ્રયાસ કર્યો હતો પરંતુ તેને બચાવી શક્યા ન હતા અને તે કેનાલના ઊંડા પાણીમાં ઘરકામ થઈ ગયો હતો બાદમાં હાજર લોકોએ ડભોડા પોલીસ ને જાણ કરતા પોલીસ કાફલો ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને કેનાલમાં પડેલા યુવકને શોધવા માટે ગાંધીનગર ફાયર બ્રિગેડ અને બહિયલના તરવૈયાઓને જાણ કરી હતી ઘટનાના બે કલાક સુધી ફાયર બ્રિગેડ પહોંચી ન હોવાથી કેનાલમાં ડૂબેલા યુવક ની શોધ કોડ ચાલુ થઈ શકે નથી આ અંગેની જાણ રાહુલના પરિવારજનોને થતા તેઓ પણ કેનલ ખાતે દોડી આવ્યા હતા અને સ્થાનિક લોકો તેમજ હાઈવે પરથી પસાર થતાં લોકોના ટોળા મોટી સંખ્યામાં એકત્ર થઈ જવા પામ્યા હતા.

### અગાઉ બે વખત રાહુલ કેનાલમાં પડ્યો પણ બચી ગયો હતો

રાયપુર પાસે નર્મદા કેનાલમાં મોતની છલાંગ લગાવનાર રાહુલ સોલંકી અગાઉ બે વખત આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો ૧૫ દિવસ પૂર્વે રાહુલ નર્મદા કેનાલમાં પડતા હાજર લોકોએ તેને બચાવી લીધો લીધો હતો પરંતુ તેની હાલત લથડી પડતા હોસ્પિટલમાં દાખલ કરવાની ફરજ પડી હતી જોકે તેની તબિયત સુધરતા તેને રજા આપી દેવામાં આવી હતી. ત્યારબાદ રાહુલ ગઈકાલે પણ ફરીથી વધુ એક વખત નર્મદા કેનાલમાં છલાંગ લગાવી હતી આમ બે વખત કેનાલમાં પડવા છતાં તેનો જીવ બચી ગયો હતો. ત્યારે આજે રાહુલ ત્રીજી વાર કેનાલમાં કૂદી પડ્યો હતો. રાહુલને કેનાલમાં પડ્યા ની ઘટનાને બે થી ત્રણ કલાક જેટલો સમય વીતી ગયો હોવાથી તેના બચવાના ચાન્સીસ ખૂબ જ ઓછા માનવામાં આવી રહ્યા છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે આજે સીટની મહત્વની બેઠક મળી હતી, જેમાં ૧૯ જેટલા કેસોની ચર્ચા હાથ ધરાઈ હતી.

● ગાંધીનગર જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે લેન્ડ ગ્રેબીંગની જિલ્લાકક્ષાની બેઠક મળી હતી જેમાં ૭૫ જેટલા કેસો વિચારણામાં લેવાયા હતા.

● ગાંધીનગર મનપાના મેયર હિતેશ મકવાણાને વિદેશ પ્રવાસના વીઝા મળી ગયા છે.

● આગામી ૨૩ થી ૨૫ ડિસે. દરમ્યાન પંચાયતના વિવિધ સંવર્ગોની ખાતાકીય બઢતીની પરીક્ષાઓ યોજાશે.

● ગાંધીનગર જિલ્લામાં જમીન સંપાદનની વિવિધ કામગીરી અંગે જમીન સંપાદન અધિકારી વણઝારા દ્વારા સમીક્ષા હાથ ધરવામાં આવી છે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● શેરબજારમાં સેન્સેક્સ ગગડતા જ ગાંધીનગરના રોકાણકારોમાં નિરાશાનુ મોજુ પ્રસરી જવા પામ્યુ હતુ.

● દહેગામ વેપારી મહામંડળે વિધાનસભાની ચૂંટણીના વિજયી ઉમેદવાર બલરાજસિંહ ચૌહાણનું સન્માન કરી રિંગરોડની કામગીરી ઝડપથી પુરી થાય તે જોવા રજુઆત કરી હતી.

● દહેગામ-બહિયલ પાસે કાર-બાઈક વચ્ચે જીવલેણ અકસ્માતની ઘટનાથી સમગ્ર પંથકમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

● દહેગામ તાલુકામાં આજે ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે ધનવન્તરી રથનો આરંભ કરાવ્યો હતો.

● માણસા તાલુકાના વ્યાસ પાલડી ગામેથી દારૂનો જથ્થો પકડાયો છે.

● દહેગામ તાલુકાના પાટનાકુવા ગામથી ધણિયોલ ગામ તરફ જતા માર્ગ પર પોલીસે ખીચોખીચ ભરેલા પશુધન સાથેનું એક આઈસર પકડી પાડ્યુ છે.

● સે. ૨૧ અને ૨૨ની સરકારી શાળામાં ભણતા સેવા વસ્તીના વિદ્યાર્થીઓને ધારાસભ્ય રીટાબેન પટેલે કાઉન્સીલરો અને કાર્યકરોને સાથે રાખી સ્વેટરનું વિતરણ કર્યુ હતુ.

● આજથી શિશિર ઋતુનો પ્રારંભ થતાં જ પવનના સુસવાટાઓની ગતિ વધવા પામી છે.

● પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા કારકુનની પરીક્ષા ૨૯ જાન્યુઆરીના રોજ યોજવાની જાહેરાત કરાઈ છે.

# સરકારી ઓફિસોમાં ચોરીની ઘટનાઓનો સીલસીલો યથાવત

### ઓફિસના દરવાજાના તાળા તોડી ને પંખા, ખુરશી, એસી, અને ફાઈલો ની ચોરીની ઘટનાઓ બની રહી છેઃ ઓફિસમાં સીસીટીવી કેમેરા અવશ્ય હોવા જ જોઈએ

ગાંધીનગર

ગાંધીનગરમાં સરકારી કચેરીઓમાં દિન પ્રતિદિન ચોરીના બનાવો વધવા પામ્યા છે. જેમાં સરકારી મિલકતો જેવી કે પંખા, એ. સી, ખુરશીઓ વિગેરે ની ચોરી થઈ રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ ઓફિસમાં કાર્યરત કામદારો અથવા ઓફિસમાં અવરજવર કરતા કામદારો પર લોકો શંકા કરી રહ્યા છે. રજાના દિવસોમાં ચોરીની ઘટનાઓ ને અંજામ આપવામાં આવી રહ્યો છે. દરવાજાના તાળા તોડીને નાની મોટી સામગ્રીઓની ચોરી થઈ રહી છે. સરકારી કચેરીઓમાં ઘણી જગ્યાએ પ્રવેશદ્વારો ઉપર બોર્ડ લગાવી દેવાયા છે કે "કામ વગર કોઈએ પ્રવેશવું નહીં".

સરકારી કચેરીઓમાં વધતી જતી ચોરીની ઘટનાઓ ને કારણે આ પ્રકારના બોર્ડ લગાવવામાં આવ્યા છે. તેમ છતાં તાજેતરમાં જ એક સરકારી ઓફિસમાં દરવાજાનું તાળું તોડીને પંખાની ચોરી કરાઈ હતી. જે ઘટના ક્યારે થઈ હતી તે હજી સુધી કોઈને માલુમ પડેલ નથી. સરકારી ઓફિસોમાં કાર્યરત કર્મચારીઓમાં વધતી જતી ચોરીની ઘટનાને કારણે ભયનું માહોલ પણ બન્યો છે. ઓફિસમાં હવે સિક્યુરિટી ગાર્ડ ની જરૂરિયાત હોય તેવું કર્મચારીઓને લાગી રહ્યું છે. સરકારી ઓફિસોમાં ફાઈલો ગુમ થવાની ઘટનાઓ પણ બની રહી છે. કરી ઓફિસમાં સીસીટીવી ની સુવિધાઓ અવશ્ય રાખવી જ જોઈએ જેના કારણે ચોરી ચકારી કરતા લોકો કેમેરાની કેદમાં આવી શકે. જોકે મોટાભાગની નવી સરકારી બિલ્ડીંગ સીસીટીવી કેમેરા ની સુવ્યવસ્થા જોવા મળી રહી છે. અને જ્યાં સીસીટીવી ની સુવ્યવસ્થા નો અભાવ છે ત્યાં આવી ઘટનાઓ જોવા મળી રહી છે.

# સરઢવ ગામે રેવાબાઈ જનરલ હોસ્પિટલની મુલાકાત કરતા ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ

### જનતાનગર ખાતે પીવાના પાણીના નવીન બોરનું ખાતમુહૂર્ત પણ કર્યું



ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર ઉત્તર વિધાનસભા વિસ્તારના સક્રિય અને યુવા મહિલા ધારાસભ્ય શ્રીમતી રીટાબેન કેતનભાઈ પટેલે કાર્યક્ષેત્રના સરઢવ ગામે સ્થિત રેવાબાઈ જનરલ હોસ્પિટલની મુલાકાત કરી હતી જ્યાં તેઓએ હોસ્પિટલના વ્યવસ્થાપન, ઉપલબ્ધ સુવિધાઓ, સારવાર પદ્ધતિઓ સહિતની કામગીરી અંગે જાણકારી મેળવી સમીક્ષા કરી હતી તેમજ દર્દીઓ સાથે સંવાદ કર્યો હતો.

આ ઉપરાંત સરઢવ ગામના જનતાનગર ખાતે ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલે પીવાના પાણીના નવીન બોરનું ખાતમુહૂર્ત કર્યું હતું. જેમાં સરપંચ, તાલુકા પંચાયતના સદસ્ય તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# વસ્તી ગણતરી નિયામકની કચેરી દ્વારા બે દિવસીય મૌખિક શબ પરીક્ષણ તાલીમનો પ્રારંભ

### રાજ્યના કુલ ૪૭૮ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (SRS) અંતર્ગત મૃત્યુનાં કારણો અને લક્ષણોની માહિતી એકત્ર કરાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર સ્થિત વસ્તી ગણતરી નિયામકશ્રીની કચેરી દ્વારા વ્યક્તિના મૃત્યુ સમયનાં લક્ષણો અને કારણોની જાણકારી મેળવવા માટે નમૂના નોંધણી પદ્ધતિ (SRS) અંગેની બે દિવસીય તાલીમનું આયોજન અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. જેનો પ્રારંભ આજે વસતી ગણતરી નિયામક શ્રીમતી આર્દ્રા અગરવાલ દ્વારાકરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત તાલીમાર્થીઓ સમક્ષ તાલીમનો હેતુ સ્પષ્ટ કરી, આ પદ્ધતિની ભવિષ્યમાં ઉપયોગીતા અંગે માહિતી આપતા વસ્તી ગણતરી નિયામકશ્રીએ જણાવ્યું કે આ વિશ્લેષણ દ્વારા દેશના વિવિધ વિસ્તારોમાં થતાં મૃત્યુનાં કારણોની જાણકારી મેળવવામાં આવશે. જેના આધારે ભવિષ્યમાં આ માહિતી થકી મૃત્યુના કારણો અને વિવિધ રોગની જાણકારી તથા મૃત્યુનાં લક્ષણો વિશે માહિતી મેળવી શકાશે. પરિણામે વર્તમાન સમયમાં કરવામાં આવી રહેલી આ કામગીરીને તેમાં જોડાયેલા કર્મયોગીઓ માટે જવાબદારી ગણાવી હતી. જેનો ફાયદો ભવિષ્યની પેઢીને થશે. વસ્તી નિયામકશ્રીની કચેરીના કાર્યક્ષેત્રમાં ગુજરાત રાજ્ય ઉપરાંત દાદરા અને નગર હવેલી, દમણ અને દીવનો પણ સમાવેશ થાય છે. આજે તાલીમના પ્રથમ દિવસે એઈમ્સના તજ્જ્ઞો દ્વારા કુલ ૯૦ જેટલા ક્ષેત્રીય સુપરવાઈઝરોને તાલીમ આપવામાં આવી હતી. આ તમામ તાલીમાર્થીઓ દ્વારા આવતીકાલે તા.૨૨ના રોજ ફિલ્ડની કામગીરી કરી, પસંદ કરાયેલાં કુલ ૪૭૮ જેટલા ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સેમ્પલ સરવેની કામગીરી કરી, મૌખિક શબ પરીક્ષણ દ્વારા આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબ નિર્ધારિત સ્વરૂપમાં માહિતી અને નમૂના એકત્રિત કરવામાં આવે છે. ત્યાર બાદ નવી દિલ્હી સ્થિત એઈમ્સના તજ્જ્ઞો દ્વારા મૌખિક શબ પરીક્ષણ દ્વારા એકત્રિત કરવામાં આવેલ માહિતીનું વિશ્લેષણ કરી, આવશ્યકતા અનુસાર નવા સંશોધનો કરવામાં આવશે. ક્ષેત્રીય સ્તરે કામગીરી કરનારા સુપરવાઈઝરો દ્વારા મૃત્યુનાં ચોક્કસ કારણો અને લક્ષણોની માહિતી એકત્ર કરવાની કુશળતામાં સુધારો કરવાનો આ તાલીમનો મુખ્ય હેતુ છે. આ તકે અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકશ્રી ડૉ. રાકેશ આર. પંડ્યા, બી.જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ અને પી.ડી.યુ. મેડિકલ કૉલેજ, રાજકોટ ડૉ. રાજકુમાર મહાજન અને ડૉ. નિલેશ ફિચડીયા દ્વારા એઈમ્સ વતી તાલીમ આપવામાં આવી હતી.

### જિલ્લામાં ત્રણ સ્થાનો પર આજે પ્રેક્ટીકલ તાલિમ માટે ટીમો જશે

ગાંધીનગર, તા. ૨૧

વસ્તી ગણતરી નિયામકશ્રી દ્વારા મૌખિક સબ પરીક્ષણની પ્રેક્ટીસ તાલિમ માટે આજે જિલ્લામાં ધમાસણા, ધણપ, કલોલ તેમજ અમદાવાદ શહેરમાં વસ્તી ગણતરી ટીમો જશે. જેઓ મૃતકોના પરિવારને મળી અને મૃત્યુના કારણો જાણશે. આ સેમ્પલ સર્વે છે. મળતી વિગતો પ્રમાણે દર છ મહિને આ સર્વે હાથ ધરવામાં આવે છે.

# પેરા પાવર લિફ્ટિંગ વર્લ્ડ કપમાં ગાંધીનગર સાંઈના ખેલાડીઓનું પ્રશંસનીય પ્રદર્શન

### દુબઈમાં યોજાયેલા વર્લ્ડ કપમાં બે સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ




ગાંધીનગર તા. ૨૧

ગાંધીનગરના સેક્ટર ૧૫ ખાતેના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સના દિવ્યાંગ ખેલાડીઓએ વધુ એક વાર આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકીને દેશનું નામ રોશન કર્યું છે. દુબઈ ખાતે યોજાયેલા ૧૨મા ફઝ્ઝા પેરા પાવર લિફ્ટિંગ વર્લ્ડ કપમાં ગાંધીનગર સાઈના પેરા ખેલાડીઓએ બે સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ જીત્યા છે. આ ટુર્નામેન્ટમાં વિશ્વભરમાંથી કુલ ૩૯ દેશોના ૧૪૭ પુરુષ અને ૫૬ મહિલાઓ મળીને કુલ ૨૦૩ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ભારતની ટીમમાંથી ૮ પુરુષ અને ૪ મહિલા સહિત કુલ ૧૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો

દુબઈ ખાતે તારીખ ૧૫ થી ૧૮ ડિસેમ્બર દરમિયાન યોજાયેલા ૧૨મા ફઝ્ઝા પેરા પાવર લિફ્ટિંગ વર્લ્ડ કપમાં ગાંધીનગર સાઈના પેરા ખેલાડીઓએ પ્રશંસનીય પ્રદર્શન કર્યું હતું જેમાં ૪૫ કિલોગ્રામ સુધીની કેટેગરીમાં મનપ્રીત કોરે ૮૦ કિલો વજન ઊંચકીને સિલ્વર મેડલ જ્યારે પરમજિત કુમારે ૪૯ કિલોગ્રામ સુધીની કેટેગરીમાં ૧૬૫ કિલો વજન ઊંચકીને સિલ્વર મેડલ જીત્યો હતો. આ ઉપરાંત ૫૫ કિલોગ્રામ સુધીની કેટેગરીમાં રાજ કુમારીએ ૭૯ કિલો વજન ઊંચકીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

**INDIAN INSTITUTE OF TEACHER EDUCATION, GUJARAT**
(A State Public University establishshed by Government of Gujarat)
ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગુજરાત
**Contractual Recruitment-2022**
આઈ.આઈ.ટી.ઈ. ખાતેના પી.એચ.ડી. ફેસીલિટેશન સેન્ટર અંતર્ગત તદ્દન હંગામી ધોરણે કરાર આધારીત બિન શૈક્ષણિક સ્ટાફની નિયુક્તિ કરવાની છે.
**રીસર્ચ એડવાઈઝર ફેસીલીટેટર (૦૧ પોસ્ટ), સ્ટેટેસ્ટીકલ એનાલીસ્ટ (૦૧ પોસ્ટ)**
અરજી કરવાની છેલ્લી તારીખ 31 ડિસેમ્બર, 2022
વધુ વિગતો માટે અમારી વેબસાઈટની મુલાકાત લો
website: www.iite.ac.in
તારીખ : 21-12-2022
સ્થળ : ગાંધીનગર
કુલસચિવ,
આઈઆઈટીઈ

**WALK-IN INTERVIEW**

NIF Incubation and Entrepreneurship Council (NIFientreC) invites interested candidates to Walk-In interview for the position of Finance Associate on contractual basis.

| Position | Educational Qualification | Monthly Emoluments |
|---|---|---|
| Finance Associate | Graduate/Post Graduate in Commerce/CA pursuing with at least one years' experience in handling the accounts and finance. Candidate who knows Tally will be preferred. | Up to Rs 30,000 |

**Date of the Interview: 4th & 5th January, 2023**
**Time: 3 PM to 5 PM**

**Venue:**
**NIF Incubation and Entrepreneurship Council (NIFientreC), Grambharti, Amrapur, Gandhinagar-Mahudi Road, Gandhinagar, Gujarat**

For assistance/queries please e-mail at info@nifientrec.org or you may contact at 02764-261132

Interested eligible candidates may Walk-in for Interview, on the date & time mentioned above, with relevant documents, along with updated CV. No TA/DA is admissible.

# દહેગામના બહિયલ પાસે કાર-બાઈક વચ્ચે જીવલેણ અકસ્માત

### અકસ્માતમાં એકનું મોત

### કનીપુર-બહિયલ રોડ પરનો બનાવ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના માર્ગો જાણે યમદૂત બન્યા હોય તેમ માર્ગ અકસ્માતોમાં અનેક લોકો પોતાનો જીવ ગુમાવી રહ્યા છે. શરૂ થયેલ માર્ગ અકસ્માતનો અવિરતપણે ચાલુ રહેવા પામ્યો છે. ત્યારે દહેગામ તાલુકાના બહિયલ નજીક કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા બાઈક સવારનું ઘટના સ્થળે કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું. બાઈકસવાર બહિયલ તરફ આવી રહ્યો હતો ત્યારે સામેથી આવતી કાર સાથે અકસ્માત નડ્યો હતો. જેમાં ગંભીર ઈજાઓ બાદ બાઈકસવારનું મોત થયું હતું, તો કારમાં સવાર એક વ્યક્તિ ઘાયલ થતા ૧૦૮ની મદદથી તેને તાત્કાલિક દહેગામ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે મળતી માહિતી અનુસાર દહેગામ તાલુકાના કમાલબંધ વાસણા ગામ ખાતે રહેતા પ્રવિણભાઈ સોમાભાઈ ચૌહાણ (ઉ.વ. ૨૮) આજે બાઈક લઈને કમાલબંધ વાસણાથી બહિયલ જતા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા તે સમયે બહિયલ નજીક આવતા ખોડીયાર માતાના મંદિર પાસે સામેથી આવી રહેલી કાર સાથે તેમનું બાઈક અથડાયુ હતુ, અકસ્માતમાં બાઈકસવાર પ્રવિણભાઈ ચૌહાણને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યુ હતુ. અકસ્માત બાદ દોડી આવેલા લોકોએ બહિયલ ૧૦૮નો સંપર્ક કરતા ઈએમટી કિસ્મતસિંહ અને પાયલોટ બળદેવસિંહ બંને તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને કારમાં સવાર ઈજાગ્રસ્તને સારવાર અર્થે દહેગામ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં પહોંચાડ્યા હતા.

**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ**
મધુર ટેરી, 'ક' રોડ, ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ, જી.આઈ.ડી.સી.
સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮

**ટેન્ડર નોટીસ – વાર્ષિક ધોરણે કોન્ટ્રાકટ આપવાના છે**

ઉપરોકત સહકારી સંસ્થા માટે નીચે પત્રકમાં જણાવ્યાં મુજબના તા.૦૧–૦૧–૨૦૨૩ થી તા.૩૧–૧૨–૨૦૨૩ સુધીના એક વર્ષ માટે કોન્ટ્રાકટ આપવાના છે. રસ ધરાવતા ઈસમ/પાર્ટીઓએ નીચે પત્રકમાં જણાવેલ તારીખો દરમ્યાન, ટેન્ડર ફોર્મ ફી (નોન–રીફન્ડેબલ) રોકડેથી ઉકત સંસ્થાની હિસાબી શાખામાં ભરી, ટેન્ડર ફોર્મ રૂબરૂમાં કચેરી સમય દરમ્યાન મેળવી લેવાના રહેશે. ભરેલ ટેન્ડર ફોર્મ, ટેન્ડર ડિપોઝીટનો "ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી."ના નામનો ડી.ડી. (રીફન્ડેબલ) સાથે નીચે પત્રકમાં જણાવેલ તારીખ અને સમય સુધીમાં અત્રેની સંસ્થામાં સીલબંધ કવરમાં પહોંચાડવાનું રહેશે. ત્યારબાદ મોડા આવેલા ભરેલા ટેન્ડર ફોર્મ કોઈપણ સંજોગોમાં સ્વીકારાશે નહિ. ભરેલા ટેન્ડર ફોર્મના સીલબંધ કવર ઉપર જે તે ટેન્ડરના નામની વિગત અચૂક જણાવવી. આવેલ ટેન્ડર/ઓફર/ભાવ સ્વીકારવો કે નહિ તેનો અબાધિત અધિકાર સંસ્થાના મેનેજીંગ ડિરેકટરશ્રીનો રહેશે.

| અ. નં. | ટેન્ડરની વિગત | વાહનની સંખ્યા | વાહનનો પ્રકાર | વાહનનું મોડેલ વર્ષ | ટેન્ડર ફોર્મ ફી (નોન–રીફન્ડેબલ) રકમ રૂા. | ટેન્ડર ડિપોઝીટ (રીફન્ડેબલ) રકમ રૂા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | મધુર તથા અમૂલની તમામ પ્રોડકટ મધુર શાકભાજી વિતરણ ગ્રામ્ય/શહેર રૂટ | ૦૬<br>૦૧ | પીકઅપ ડાલા<br>લોડીંગ વ્હીકલ (બંધ બોડી) ૪૦૦/૪૫૦ ફેટોની કેપીસીટી | વર્ષ–૨૦૧૫ અથવા તેથી ઉંચા મોડેલનું વાહન | ૩૦૦૦/– (ત્રણ હજાર) | ૩૦,૦૦૦/– (ત્રીસ હજાર) |

**નોંધ** : (૧) ટેન્ડર ફોર્મ મેળવવાની તારીખ અને સમય : તા.૨૨–૧૨–૨૦૨૨ થી ૨૭–૧૨–૨૦૨૨ ના રોજ બપોરના ૧૪–૦૦ કલાક સુધી.
(૨) ભરેલા ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં પહોંચાડવાની છેલ્લી તારીખ અને સમય : તા.૨૮–૧૨–૨૦૨૨ ના રોજ સાંજના ૧૭–૦૦ કલાક સુધી.
(૩) ટેન્ડર ડિપોઝીટની રકમ ફરજિયાત ડી.ડી.થી જ આપવાની રહેશે, અન્યથા ટેન્ડર રદ ગણાશે.

મેનેજીંગ ડિરેકટરશ્રી